આવવા લાગ્યા.

જામનગરના તાબામાં આવેલુ જોડીયા બંદર એ સમયે ખૂબ જ સમૃદ્ધ હતુ. જોડીયા બંદરેથી દૂર-દૂરના દેશો સુધી વ્યપાર-વ્યવસાય અર્થે માલ ભરીને વહાણો આવતાં-જતાં અને લાંગરતાં. એક વખત હાજી જેઠા નામના વેપારીનું વહાણ કરાંચીથી ચોખા ભરીને જોડીયા આવી રહ્યું હતું અને માર્ગમાં દરિયાઇ તોફાનમાં અટવાયું અને વહાણમાં બાકોરૂ પડતાં પાણી ભરાતાં વહાણ ડુબવા લાગ્યું. આથી વહાણનાં નાખુદાએ ધરમશીભગતને યાદ કરી પ્રાર્થના કરી માનતા માની કે, હે ભગત વહાણ હેમ-ખેમ જોડીયા પહોંચશે તો તમારી જગ્યામાં સો ગુણી ચોખા દાનમાં આપીશ અને જાણે કે, તેમની આ માનતા ફળતી હોય તેમ ચોખાનું આ વહાણ જોડીયા બંદરે હેમખેમ પહોંચ્યું અને પછી વહાણનાં નાખુદાએ હાજી શેઠને દરિયાઇ તોફાનમાં વહાણમાં બાકોરૂ પડવું અને વહાણ ડુબી જવાની આફત આવતા સમયે તેણે વહાણને બચાવવા ધરમશી ભગતની જગ્યાની કરેલ માનતાની વાત કરતાં હાજી શેઠે ભગતની જગ્યામાં સો ગુણી ચોખા મોકલી આપ્યાં પણ હાજી શેઠે થોડુંક કપટ કર્યુ અને કરાંચીથી જે અસલ જીણા ચોખા આવ્યા હતા તે મોકલવાને બદલે બીજા જાડા ચોખા મોકલ્યા અને હાજીએ વિચાર્યુ કે, આમાં ક્યાં ભગતને ખબર પડવાની છે ? અને પછી બન્યું એવું કે, એ રાત્રે ધરમશી ભગતને સ્વપ્નું આવ્યું અને એમાં ભાસ થયો કે, હાજી શેઠે કરાંચીથી આવેલ જીણા ચોખા મોકલવાને બદલે જાડા ચોખા મોકલ્યા છે. આથી, એમને કહેજો કે, દરિયાઇ તોફાન સમયે વહાણના બાકોરામાં મે જે ડૂચો માર્યો હતો તે મોકલી આપે. ભગતને આવેલ સ્વપ્નાની વાતના સમાચાર બીજે દિવસે હાજી શેઠને મોકલ્યા અને હાજી શેઠ આશ્ચર્ય પામ્યાં. તેમણે વહાણમાં જઇને જોયું તો બાકોરામાં ખરેખર કેસરી રંગનો ડૂચો મારેલો નજરે પડ્યો. આથી, શેઠ ભગતનાં પગમાં પડી ગયા, માફી માંગી અને બીજા ૧૦૦ ગુણી ચોખા મોકલી કહ્યુ કે, જયારે જરૂર હોય ત્યારે અનાજ જરૂરથી મંગાવજો.

દિન-પ્રતિદિન ભગતનું સદાવ્રત અને અન્નક્ષેત્રનું કાર્ય વધતું ગયું અને મંદિર અને ગૌશાળાની જગ્યા ટુંકી પડવા લાગી. એ સમયે જામ રણમલજીને પણ ધરમલાલજીના અન્નક્ષેત્ર (સદાવ્રત)ની વાત મળી હતી અને ધરમશી ભગતની ચોમેર પ્રસરેલ કિર્તીની વાત જાણી તેઓ જગ્યાએ રૂબરૂ દર્શનાર્થે આવ્યા અને ભગતનો અન્નદાન સેવાયજ્ઞ જોઇ ખુશ થયા. અને તેમને ભગતની કસોટી કરવાનું મન થયું. આથી, તેણે સેકેલા ઘઉમાંથી કોટા ફોડવા કહ્યું. ત્યારે ધરમશી ભગતે મુઠ્ઠીમાં સેકેલા ઘઉ લઇ મનમાં ભગવાનનું સ્મરણ કરી મુઠ્ઠી ખોલી તો સેકેલા ઘઉમાંથી કોટા ફુટેલ જામ નરેશને દેખાયા. આથી, જામ નરેશ ભગતને પગે લાગ્યાં અને ભગતનું પારખું કરવા બદલ માફી માંગી અને ચાર ગામની જાગીર આપવાનું કહ્યું. ત્યારે ભગત બોલી ઉઠ્યા કે, મહારાજ મારે ગરાસને શું કરવો છે ? હું તો ટેલીયો છું. ત્યારે જામ નરેશે કહ્યું કે, મારે કાંઇક દેવું તો છે જ માટે તમારા આ સદાવ્રતના સેવાકાર્ય માટે જોઇએ તેટલી જગ્યા વાળી લ્યો અને આ રીતે જામ નરેશે જગ્યા બાંધી આપવાં રાજનો હુકમ કરી અન્નક્ષેત્ર માટે વર્ષાસન બાંધી આપ્યુ. ધરમશી ભગતનાં આ મંદિરને વિશાળ જગ્યા મળતાં આ જગ્યા લોકો માટે તિર્થસ્થાન બની ગયુ. ધરમશી ભગત પોતે એક જ ટાઇમ જમતાં અને અન્નક્ષેત્રમાં આવનાર સાધુ-સંતો અને દિન-દુઃખીયાને પ્રેમભાવથી બંને ટાઇમ જમાડતાં અને જગ્યા ઉપર રામજી મંદિર પણ બંધાવેલુ. ત્યાં પૂજારીની જરૂર હોય એક દિવસ એક ખાખી બાવો ત્યાં આવ્યો અને તેને મંદિરની સેવાપૂજાનું કામ સોંપ્યુ એ સમયે ભગતના સમકાલીન એવા શ્રી જલારામબાપાનુ વિરપુરમાં અન્નક્ષેત્ર પણ ચાલતું હતું. પૂ. શ્રી જલારામબાપાના આ આમંત્રણથી ભગત વિરપુર ગયા તે વખતે જલારામબાપાને જમનાબાઇ નામે પુત્રી હતા અને ધરમશી ભગતને એક પુત્ર હતો. જલારામબાપાને એમની દિકરીના લગ્ન ભગતના દિકરા સાથે કરવાની ઇચ્છા વ્યક્ત કરી પણ અગમ - નિગમના જાણકાર એવા ભગતે જલારામબાપાને આ બાબતે કોઇ જવાબ ન આપ્યો. ધરમશી ભગતનાં મૌનને જલારામબાપાએ સંમત્તિ માની લીધી. આ સંબંધ હજુ પાકો થયો ન હતો. પણ વાગ્દાત્ત સંબંધ બંધાયો હતો. પણ પછીથી થોડા સમયમાં ધરમશી ભગતના પુત્ર માંદગી ભોગવી મૃત્યુ પામ્યા. આમ, ધરમશી ભગતને કોઇ ઇશ્વરીય શક્તિથી આમ બનવાનું હશે એવો અણસાર આવેલો હશે આથી તેમણે જલારામબાપાએ તેમની દિકરીને પરણાવવાની વાત કહેલી ત્યારે ધરમશી ભગત મૌન રહ્યા હતાં. પુત્રનાં અકાળે અવસાનની ઘટના પછી ભગત જરાય વિચલીત ન થયાં અને પત્નિ રામબાઇ સાથે વિરપુર ગયાં અને જલારામબાપા તથા વિરબાઇમાંને કહ્યુ કે, ભગત આપણે કર્મસંજોગે ભલે વેવાઇ ન બની શક્યા પણ એક પંથનાં પ્રવાસી તો ખરાં ને ? અને પછી જલારામબાપાની દિકરી જમનાબાઇને પાસે બોલાવી માથે હાથ મુકી અને જલારામબાપાને કહ્યુ કે, આ દિકરી તમારી છે તેમ મારી પણ છે અને એને ધામધૂમથી પરણાવશો ત્યારે લગ્નનો ખર્ચ જોડીયાના રામ આપશે.તે પછી જમનાબાઇના લગ્ન ગોઠવાયા અને ધરમશી ભગત આ પ્રસંગે જલારામબાપાની સાથે રહ્યા. ભગત પછી જોડીયા આવ્યા અને થોડા સમયમાં પત્નિ રામબાઇનું અવસાન થયું. તે પછી મેઘપર ગામનાં રાઘવજી ઠક્કરની વિનંતીને માન આપી ધરમશી ભગત અને જલારામબાપા મેઘપર પધાર્યા અને આ બંને લોહાણા સંતોએ મેઘપર ગામે સત્તર દિવસ રોકાયાં અને એ દરમ્યાન ભજન-સત્સંગ અને કિર્તનની રમઝટો બોલાવી એ સમયે એક રબારણ બાઇનો દિકરો જે મુંગો થઇ ગયેલો તેને બોલતો કર્યો અને જેટલા દિવસ આ બંને સંતો મેઘપર રોકાયાં તેટલા દિવસ મોટો સત્સંગ ચાલ્યો. મેઘપરથી આ બંને સંતો વિદાય થયા ત્યારે ગામે બંને સંતોની જગ્યા માટે ત્રણસો-ત્રણસો મણ અનાજ અને ત્રણસો-ત્રણસો કોરી (રકમ) દાનમાં આપી.

એ પછી જામ વિભાજીએ જોડીયાના રામમંદિરમાં ધરમશી ભગતની નિશ્રામાં ભંડારો કર્યો અને આ ભંડારામાં ભગતની જગ્યામાં ગુજરાતભરમાંથી અનેક સંતો-ભક્તો ઉમટી પડ્યા હતા અને મોટો ભજન-કિર્તન સત્સંગનો કાર્યક્રમ થયો હતો. ઇ. સ. ૧૮૮૪ (વિ. સં. ૧૯૪૦)નાં બેસતા વર્ષે ધરમશી ભગતે બ્રાહ્મણોને બોલાવી શોડષોપચાર રામપૂજન કરી સ્વહસ્તે અન્નકૂટ કર્યો અને સૌને પ્રસાદ પિરસી અને તે દિવસે બધાની સાથે એક પંગતમાં બેસી પ્રસાદ લીધો અને એ રાત્રે સત્સંગ મંડળીમાં પોતાનાં મનની ઇચ્છા પ્રગટ કરી અને કહ્યુ કે, મારા રામજીની ઇચ્છાથી આ જગ્ગાની સેવા-પૂજા અને અન્નક્ષેત્રનાં ટહેલનું કામ મારા ભત્રીજા લાલજીને સોંપુ છુ. એ પછી થોડા સમયમાં જ ધરમશી ભગત દેવલોક પામ્યા. આ જગ્યાએ લાલજી ભગતના દેવલોકવાસ બાદ પછી એ જગ્યાની ટહેલ અને સેવાપૂજા લાલજી ભગતના પુત્ર જીવરાજ ભગતે સંભાળી હતી.

**સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૮૨૪૨ ૬૦૧૪૬**